## ગૂજરાત વિદ્યાપીઠ : અમદાવાદ
## રાષ્ટ્રીય પરીક્ષા એજન્સી
## જાહેર સૂચના : CUET (UG)-2022
## તારીખ : 26-03-2022

**વિષય : શૈક્ષણિક સત્ર 2022 -23 માટે કેન્દ્રીય યુનિવર્સિટીઓમાં અન્ડર ગ્રેજ્યુએટ કાર્યક્રમો માટે કોમન યુનિવર્સિટી એન્ટ્રન્સ ટેસ્ટ CUET (UG)-2022નું આયોજન.**

નેશનલ ટેસ્ટીંગ એજન્સી (NTA)ની સ્થાપના શિક્ષણ મંત્રાલય (MoE) ( જે અગાઉ માનવ સંસાધન વિકાસ મંત્રાલય- MHRD તરીકે ઓળખાતું હતું) દ્વારા એક સ્વતંત્ર/ સ્વાયત્ત, આત્મનિર્ભર અને સ્વપ્રયાસે ચાલતા અગ્રણી પરીક્ષણ સંગઠન તરીકે કરવામાં આવી હતી.

નેશનલ ટેસ્ટીંગ એજન્સીને શૈક્ષણિક સત્ર 2022-2023 સંદર્ભે **તમામ કેન્દ્રીય યુનિવર્સિટીઓ (CUs) માટે અન્ડર ગ્રેજ્યુએટ પ્રવેશ કસોટીઓ લેવાની જવાબદારી સોંપવામાં આવી છે. દેશમાં આવેલી કોઈ પણ કેન્દ્રીય યૂનિવર્સિટીઓ (CUs)માં પ્રવેશ મેળવવા ઇચ્છતા વિદ્યાર્થીઓને CUET સિંગલ વિન્ડોની તક પૂરી પાડશે.**

CUET (UG) -2022 **કોમ્પ્યૂટર આધારિત કસોટી (Computer Based Test-CBT)**ના મોડમાં લેવામાં આવશે. કસોટીમાં બેસવા ઇચ્છતા ઉમેદવારોએ ઇચ્છિત કેન્દ્રીય યુનિવર્સિટીઓ (CUs)ના અન્ડર ગ્રેજ્યુએટ કાર્યક્રમોમાં પ્રવેશ મેળવવા માટે, ઇચ્છિત કેન્દ્રીય યુનિવર્સિટીઓ (CUs)ની અન્ડર ગ્રેજ્યુએટ કાર્યક્રમોમાં પ્રવેશ અંગેની માહિતી પત્રિકાને જોઈ જવી આવશ્યક છે.

**કેન્દ્રીય યુનિવર્સિટીઓ (CUs) દ્વારા ચાલતા કાર્યક્રમોની વિગતો જે તે સંબંધિત વેબસાઇટ્સ ઉપર ઉપલબ્ધ કરાવવામાં આવી છે.**

અન્ડર ગ્રેજ્યુએટ કાર્યક્રમો માટેના ઑનલાઇન અરજી પત્રકો તારીખ 02.04.2022થી ખુલશે, જેની લિંક સત્તાવાર વેબસાઇટ : https://cuet.samarth.ac.in/ પર ઉપલબ્ધ કરાવવામાં આવશે.જે ઉમેદવારો CUET (UG) -2022 માં બેસવા ઇચ્છે છે, તેઓને ઇચ્છિત યુનિવર્સિટી / યુનિવર્સિટીઓ દ્વારા ઑફર કરાયેલા UG કાર્યક્રમોમાંથી વિકલ્પોની પસંદગી કરવા માટેની આવશ્યક પાત્રતા તપાસી જવાની સલાહ આપવામાં આવે છે. 02.04.2022થી 30.04.2022 સુધી અરજી થઈ શકશે.

**CUET (UG) -2022 માટે પરીક્ષાનું માળખું :**

CUET (UG) -2022 અંતર્ગત નિમ્નલિખિત 4 વિભાગોનો સમાવેશ થશે :

- વિભાગ I A- 13 ભાષાઓ
- વિભાગ I B- 20 ભાષાઓ
- વિભાગ II - 27 ડૉમેન સ્પેશિફિક વિષયો
- વિભાગ III - સામાન્ય કસોટી

**દરેક વિભાગમાંથી વિકલ્પો પસંદ કરવાનું ફરજિયાત નથી. પસંદગીઓ ઇચ્છિત યુનિવર્સિટીની જરૂરિયાતો સાથે મેળ ખાતી હોવી જોઈએ.**

CUET (UG) -2022ની વ્યાપક વિશેષતાઓ નીચે મુજબ છે :

| વિભાગ | વિષયો/ કસોટીઓ | પ્રયાસ માટેના પ્રશ્નોની સંખ્યા | પ્રશ્નનો પ્રકાર | અવધિ |
|---|---|---|---|---|
| વિભાગ IA - ભાષાઓ | અહીં અલગ અલગ 13* ભાષાઓ છે,જે પૈકીની કોઈ પણ ભાષાઓ પસંદ કરી શકાય છે. | દરેક ભાષામાં 50 પૈકીના 40 પ્રશ્નોના ઉત્તરો આપવા જરુરી છે. | ગદ્યાંશના વાંચન દ્વારા ભાષાની કસોટી કરવી (અલગ અલગ પ્રકારના ફકરાઓની મદદથી –હકીકતલક્ષી, સાહિત્યિક અને વર્ણનાત્મક) [સાહિત્યિક યોગ્યતા અને શબ્દભંડોળ] | દરેક ભાષા માટે 45 મિનિટ |
| વિભાગ IB- ભાષાઓ | અહીં 20** ભાષાઓ છે,વિભાગ I A માં ઑફર કરાયેલી ભાષાઓ સિવાયની કોઇ પણ ભાષા પસંદ કરી શકાય છે. | | | |
| વિભાગ II - ડૉમેન | આ વિભાગ હેઠળ કુલ 27*** ડૉમેન સ્પેશિફિક વિષયો ઑફર થયેલા છે. લાગુ પડતી યુનિવર્સિટી/યુનિવર્સિટીઓ ની ઇચ્છાનુસાર ઉમેદવાર મહત્તમ છ (06) ડૉમેન્સ પસંદ કરી શકશે. | 50 પૈકીના 40 પ્રશ્નોના ઉત્તરો આપવા જરુરી છે. | • MCQ આધારિત પ્રશ્નો માટે Input Text નો ઉપયોગ કરી શકાય.<br>• MCQ - ફક્ત NCERT ધોરણ XIIના અભ્યાસક્રમ આધારિત | દરેક ડૉમેન સ્પેશિફિક વિષય માટે 45 મિનિટ |

| | | | | |
|---|---|---|---|---|
| વિભાગ III- સામાન્ય કસોટી | યુનિવર્સિટીઓ દ્વારા ઑફર કરવામાં આવતા આવા કોઈ પણ અન્ડર ગ્રેજ્યુએટ કાર્યક્રમ / કાર્યક્રમો જ્યાં પ્રવેશ માટે સામાન્ય કસોટીનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. | 75 પૈકીના 60 પ્રશ્નોના ઉત્તરો આપવા જરૂરી છે. | • MCQ આધારિત પ્રશ્નો માટે Input Text નો ઉપયોગ કરી શકાય.<br>• સામાન્ય જ્ઞાન, સાંપ્રત ઘટનાઓ, સામાન્ય માનસિક ક્ષમતા, સંખ્યાત્મક ક્ષમતા, માત્રાત્મક તર્ક/ સમજ ( મૂળભૂત ગાણિતિક વિભાવનાઓનો સરળ વિનિયોગ- ધોરણ 8 સુધી શીખવવામાં આવતા અંકગણિત / બીજગણિત, ભૂમિતિ / માપન/ આંકડાશાસ્ત્ર), તાર્કિક અને વિશ્લેષણાત્મક સમજ | 60 મિનિટ |

| |
|---|
| * **ભાષાઓ** (13) : તમિલ,તેલુગુ,કન્નડ,મલયાલમ,મરાઠી,ગુજરાતી,ઉડિયા,બંગાળી,આસામી,પંજાબી,અંગ્રેજી, હિન્દી અને ઉર્દૂ. |
| ** **ભાષાઓ** (20) : ફ્રેન્ચ, સ્પેનિશ,જર્મન, નેપાળી, ફારસી,ઇટાલિયન, અરબી, સિંધી, સંસ્કૃત, કાશ્મીરી, કોંકણી ,બોડો, ડોગરી, મૈથિલી, મણિપુરી, સાંથાલી, તિબેટન, જાપાનીઝ, રશિયન, ચાઇનીઝ. |
| *** ડોમેન સ્પેશિફિક વિષયો (27) : 1. એકાઉન્ટસી/બુક કીપિંગ 2. બાયોલૉજી/બાયોલૉજીકલ સ્ટડીઝ/ બાયોટેક્નોલૉજી / બાયો કેમેસ્ટ્રી 3. બિઝનેસ સ્ટડીઝ 4. રસાયણશાસ્ત્ર 5. કૉમ્પ્યૂટર વિજ્ઞાન/ઇન્ફરમેટિક્સ પ્રેક્ટિસિસ 6. અર્થશાસ્ત્ર/ વ્યાપાર અર્થશાસ્ત્ર 7. એન્જિનિયરિંગ ગ્રાફિક્સ 8. ઉદ્યોગ સાહસિકતા 9. ભૂગોળ/ ભૂસ્તરશાસ્ત્ર 10. ઇતિહાસ 11. ગૃહવિજ્ઞાન 12. ભારતની જ્ઞાન પરંપરા અને વ્યવહાર 13. કાનૂની વિદ્યા 14. પર્યાવરણ વિજ્ઞાન 15. ગણિતશાસ્ત્ર 16. શારીરિક શિક્ષણ / એનસીસી / યોગ 17. ભૌતિકશાસ્ત્ર 18. રાજ્યશાસ્ત્ર 19. મનોવિજ્ઞાન 20 સમાજશાસ્ત્ર 21. અધ્યાપન યોગ્યતા 22. કૃષિ 23. સમૂહ માધ્યમો / સમૂહ પ્રત્યાયન 24. માનવશાસ્ત્ર 25. લલિત કલાઓ/દૃશ્ય કલાઓ (શિલ્પ/પેઇન્ટિંગ) / વાણિજ્યિક કલાઓ 26. પ્રદર્શન કલાઓ- (i) નૃત્ય (કથક / ભરત નાટ્યમ/ ઓડિસી/ કથકલી / કુચીપુડી /મણિપુરી) (ii) નાટક – |

| |
|---|
| થિયેટર (iii) મ્યુઝિક જનરલ ( હિન્દુસ્તાની/ કર્ણાટકી/ રવીન્દ્ર સંગીત/ પર્ક્યુસન/ નૉન -પર્ક્યુસન) 27. સંસ્કૃત |
| તમામ શાસ્ત્રી (શાસ્ત્રી 3 વર્ષ/ 4 વર્ષ ઓનર્સ) B.A./B.A. (Honours) સમકક્ષ કોર્સીસ માટે એટલે કે વેદ,પૌરોહિત્ય (કર્મકાંડ), ધર્મશાસ્ત્ર, પ્રાચીન વ્યાકરણ, નવ્ય વ્યાકરણ, ફલિત જ્યોતિષ, સિદ્ધાંત જ્યોતિષ, વાસ્તુશાસ્ત્ર, સાહિત્ય, પુરાણેતિહાસ, પ્રાકૃત ભાષા, પ્રાચીન ન્યાય વૈશેષિક, સાંખ્ય યોગ, જૈન દર્શન, મીમાંસા, અદ્વૈત વેદાંત, વિશિષ્ટાદ્વૈત વેદાંત, સર્વદર્શનમાં શાસ્ત્રી થવા માટે ઉમેદવાર ડોમેન તરીકે સંસ્કૃતને પસંદ કરી શકે છે.<br>જેઓએ વિભાગ IIમાં ડોમેન વિષય તરીકે સંસ્કૃત લખ્યું છે, તેઓના ગદ્યાંશ વાંચન પરીક્ષણ માટે વિભાગ I Bમાં સંસ્કૃત પેપરનો ઉપયોગ થશે. (અલગ અલગ પ્રકારના ફકરાઓની મદદથી-હકીકતલક્ષી, સાહિત્યિક અને વર્ણનાત્મક)<br>[સાહિત્યિક યોગ્યતા અને શબ્દભંડોળ]. |

- ઉમેદવાર સંયુક્તપણે વિભાગ I A અને વિભાગ I B માંથી મહત્તમ **કોઇ પણ ત્રણ ભાષાઓ** પસંદ કરી શકશે. જો કે, પસંદ કરેલી ત્રીજી ભાષા ઉમેદવારે પસંદ કરેલા છઠ્ઠા ડૉમેન સ્પેશિફિક વિષયને સ્થાને/બદલે હોવી જરુરી છે- જેમ લાગુ પડે છે.(તેથી લેવામાં આવનારી કસોટીઓની મહત્તમ સંખ્યા ફક્ત 9 જ રહેશે. અર્થાત 2 ભાષાઓ + 6 ડૉમેન સ્પેશિફિક વિષયો + સામાન્ય કસોટી અથવા ત્રણ ભાષાઓ + 5 ડૉમેન સ્પેશિફિક વિષયો + સામાન્ય કસોટી : તેઓ(યુનિવર્સિટીઓ)ની પાત્રતા સંબંધી શરતોને આધારે ઘણી યુનિવર્સિટીઓમાં અરજી કરનારા ઉમેદવારને મદદરૂપ થવાના હેતુથી આ પ્રકારની લવલીચતા પૂરી પાડવામાં આવી છે.
- વિભાગ IIIમાં સામાન્ય કસોટીનો સમાવેશ કરવામાં આવેલ છે.
- વિભાગ IA અને IB માંથી ભાષાઓ અને વિભાગ II માંથી ડૉમેન સ્પેશિફિક વિષયો પસંદ કરવા તથા વિભાગ III અંતર્ગત સામાન્ય કસોટી માટે ઉમેદવારે તેની/ તેણીની ઇચ્છિત યુનિવર્સિટીની આવશ્યકતાઓ તપાસી લેવી જરુરી છે.

| | |
|---|---|
| કસોટીનો મોડ | કૉમ્પ્યૂટર આધારિત કસોટી -CBT |
| કસોટીની પેટર્ન | MCQ સાથેના હેતુલક્ષી પ્રશ્નો |
| **માધ્યમ** | 13 ભાષાઓ (તમિલ,તેલુગુ, કન્નડ, મલયાલમ, મરાઠી, ગુજરાતી, ઉડિયા, બંગાળી, આસામી, પંજાબી, અંગ્રેજી, હિન્દી અને ઉર્દૂ) |
| **અભ્યાસક્રમ** | **વિભાગ IA અને IB :** ગદ્યાંશના વાંચન દ્વારા ભાષાની કસોટી કરવી.<br>(અલગ અલગ પ્રકારના ફકરાઓની મદદથી -હકીકતલક્ષી, સાહિત્યિક અને વર્ણનાત્મક)<br>[સાહિત્યિક યોગ્યતા અને શબ્દભંડોળ] |
| | વિભાગ II : ફક્ત ધોરણ XII ને લાગુ પડતા NCERTના મોડેલ અભ્યાસક્રમ મુજબ |

| | |
|---|---|
| | વિભાગ III : સામાન્ય જ્ઞાન, સાંપ્રત ઘટનાઓ, સામાન્ય માનસિક ક્ષમતા, સંખ્યાત્મક ક્ષમતા, માત્રાત્મક તર્ક/ સમજ ( મૂળભૂત ગાણિતિક વિભાવનાઓનો સરળ વિનિયોગ- ધોરણ ૮ સુધી શીખવવામાં આવતા અંકગણિત / બીજગણિત, ભૂમિતિ / માપન/ આંકડાશાસ્ત્ર), તાર્કિક અને વિશ્લેષણાત્મક સમજ |
| નોંધણી | નોંધણી https://cuet.samarth.ac.in/ પર ઓનલાઇન થશે. (02.04.2022થી ઉપલબ્ધ) |

**CUET (UG) -2022 માટે પ્રશ્નોનું સ્તર:**

વિભિન્ન પરીક્ષણ ક્ષેત્રોમાંના તમામ પ્રશ્નોનું માનદંડ ફક્ત ધોરણ XIIના સ્તરનું રહેશે. ધોરણ XII બોર્ડના અભ્યાસક્રમનો અભ્યાસ કરેલા વિદ્યાર્થીઓ CUET (UG)-2022માં સારો દેખાવ કરી શકશે.

**પ્રયાસોની સંખ્યા:**

ધોરણ XIIના અગાઉનાં વર્ષોના વિદ્યાર્થીઓને પણ જો કોઈ યુનિવર્સિટી ચાલુ વર્ષમાં પ્રવેશ લેવાની પરવાનગી આપે તો આવા વિદ્યાર્થીઓ પણ CUET (UG)-2022માં બેસવાપાત્ર ગણાશે.

**ભાષાઓ અને વિષયોની પસંદગી:**

સામાન્ય રીતે ભાષાઓ/ વિષયોની પસંદગી વિદ્યાર્થીએ છેલ્લે ધોરણ XII બોર્ડની પરીક્ષામાં કરેલી વિકલ્પોની પસંદગીના સંદર્ભમાં કરવાની રહેશે. છતાં, જો કોઈ યુનિવર્સિટી આ સંદર્ભમાં કોઈ પણ પ્રકારની લવલીચતાની છૂટ આપે, તો CUET (UG)-2022 અંતર્ગત તેમ પણ થઈ શકશે. આ સંદર્ભમાં ઉમેદવારે વિભિન્ન કેન્દ્રીય યુનિવર્સિટીઓની આવશ્યક પાત્રતાઓને કાળજીપૂર્વક તપાસી જવી જરૂરી છે. વધુમાં, જો અન્ડર ગ્રેજ્યુએટ કોર્સમાં શીખવા ઇચ્છતા વિષયનો સમાવેશ ઓફર કરવામાં આવેલા 27 ડોમેન સ્પેશિફિક વિષયોની સૂચિમાં કરવામાં ન આવ્યો હોય, તો ઉમેદવાર તેની/તેણીની પસંદગીની સૌથી નિકટના વિષયની પસંદગી કરી શકે છે. દા.ત. બાયોકેમેસ્ટ્રી માટે ઉમેદવાર બાયોલોજી પસંદ કરી શકે છે.

**પરીક્ષાનું સમયપત્રક:**

ઉમેદવારોની સંખ્યા અને તેમના દ્વારા લેવામાં આવેલી ભાષાઓ/કસોટીઓને આધારે પરીક્ષા બે પાળીમાં અનેક દિવસો લેવામાં આવશે.

પરીક્ષા સંબંધી છેલ્લામાં છેલ્લી જાણકારી મેળવવા માટે ઉમેદવારોને NTA CUET (UG)-2022ની સત્તાવાર વેબસાઈટ (https://cuet.samarth.ac.in/)ની મુલાકાત લેવાની સલાહ આપવામાં આવે છે (02.04.2022થી ઉપલબ્ધ).

કોઈપણ શંકાના સમાધાન/ સ્પષ્ટતા માટે ઉમેદવારો NTA હેલ્પલાઈન નંબર- 011-40759000 અથવા 011-69227700 પર પણ ફોન કરી શકે છે અથવા NTAને cuet-ug@nta.ac.in પર લખી શકે છે.

**(ડૉ. સાધના પરાશર)**
વરિષ્ઠ નિયામક (પરીક્ષા)